ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૫/૨૧–૨૨/ 3844 તારીખ: 30 DEC 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી નાથાભાઈ વલ્લભભાઈ કોરડીયા,**
**કે.ઓ.પાવર સોલ્યુશન,**
**ગામ–કુંભણ, તા.મહુવા,**
જી.ભાવનગર.

કેસ નં.૪૫/૨૧–૨૨

**મો.નં–૯૪૨૮૪ ૪૫૬૩૬**

**વિષય : ૧૧ કે.વી.એચ.ટી.લાઈન અમારી જગ્યા ઉપર થી ફેરવવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો ઈ–મેલ પત્ર તા.૦૧/૦૯/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૧/૦૯/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૧–૨૨/૨૬૨૬ તા.૦૩/૦૯/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૧–૨૨/૨૯૩૩ તા.૩૦/૦૯/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૧–૨૨/૩૪૪૦ તા.૨૦/૧૧/૨૦૨૧.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૧–૨૨/૩૬૫૧ તા.૦૮/૧૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૨/૧૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
***.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, **મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૫/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી નાથાભાઈ વલ્લભભાઈ કોરડીયા,**

◈ **વિરૂઘ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૨/૧૨/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી રાજુભાઈ નાથાભાઈ કોરવાડીયા (વાદી ના પુત્ર )**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી નાથાભાઈ વલ્લભભાઈ કોરડીયા, મું.કુંભણ, તા.મહુવા, જી.ભાવનગર ની ૧૧ કે.વી. એચ.ટી.લાઈન અમારી જગ્યા ઉપર થી ફેરવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૫/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૧–૨૨/૨૬૨૬ તા.૦૩/૦૯/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૨/૧૦/૨૦૨૧, તા.૦૪/૧૨/૨૦૨૧ તથા તા.૨૨/૧૨/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૨૨/૧૨/૨૦૨૧** ના રોજ વાદી શ્રી નાથાભાઈ વલ્લભભાઈ કોરડીયા વતી તેમના અધિકૃત પ્રતિનિધિ **શ્રી રાજુભાઈ નાથાભાઈ કોરવાડીયા (વાદી ના પુત્ર )** હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

- Due to recent Cyclone, HT Line (Khuntvada feeder Rural-1 going to Saganiya Village) Poles Broken and Conductor fall down in our farm and nearby farm. Your staff member Mr. Bipin K Taviyad (Asst Lineman) had came with his team for installing and repairing damaged HT line on 22.06.2021.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

- Mr. Bipin K Taviyad and his team were going to change old HT line route in our farm. Old HT line come through nearby farm and passes Straightly in our farm.
- Mr. Bipin K Taviyad was planning to divert /shift HT line route in/over our farm. His intension was to remove HT line and pole from nearby farm.
- He was trying to take new tapping from our farm DP for our connection. And divert route through our farm. Partly work completed on that day 22.06.2021. We had talked on phone with Deputy Engineer Mr. Manish Bhut and explain him site situation and condition at that time he told that no one can change old route.
- We had raised our protest against line route diversion in our farm and submit our protest application to Deputy Engineer PGVCL Rural-1 Mahuva Subdivision by mail at that time and inward application hard copy on 23.06.2021.
- On dtd.23.06.2021 Mr. Bipin Taviyad and his team came also to install HT line. We had talked him that we had submitted complain letter and also talked him with Deputy Engineer Mr Manish Bhut with conference call. On that day he has installed new pole in our farm at shifted location and draw a party line.
- After dtd. 24.06.2021 work is stopped and remaining HT line work is pending. We had also submit complain letter by mail to Deputy Engineer on dtd.05.07.2021 stating that, please complete pending work of HT line as at that time atmosphere is dry and no rain. Also request for maintaining old route and pole position and remove new installed pole from shifted location.
- On dtd. 06.07.2021 Deputy Engineer Mr Manish Bhut came on site to check site condition and situation. We had try to explain

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

him that his team has install pole at differed location instead of old original location. And his team tries to divert HT line old route. His team intension is to remove HT line route from nearby farm and divert line in our farm. At that time he is agreed to maintain old line route and not divert old line route and maintain old pole position.

- On dtd.13.07.2021 we had submit letter hard copy to Executive Engineer and mail same letter on Deputy Engineer E-mail address as Executive Engineers E-mail not in operation. We urge to maintain old route of HT line and Original pole position. Also state that don't divert/Shift HT line route in /over our farm. Also request to Executive Engineer to complete pending work and clear our way, which was restricted by conductor bided to pole on ground level.
- On dtd. 14.07.2021 Mr. Bipin Taviyad and his team come for HT line work. He has been divert and shift HT line in /over our farm forcefully. We protest at that time, that don't divert HT line route in our farm and don't change pole position. But he has not consider our argument and forcefully installed HT Line on diverted/shifted route in our farm.
- He has take new taping from our connection DP structure and passes new HT line over our farm on new route and also passed in cross line instead of straight line as earlier it was (old route)
- He has been removed HT line from our nearby farm and divert it in our farm.
- His intension behind all above, activity is to remove HT line from our nearby farm. To fulfil this aim he has shift/divert HT line in/over our farm.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

- On that day we had cotacted to Deputy Engineer Mr. Manish Bhut and urged them to stop unlawful activity, but Mr. Manish Bhut (Deputy Engineer) has not stopped this work.
- Finally Mr. Bipin Taviyad and his team installed HT line forcefully in our farm at shifted/diverted routs under guidance of Deputy Engineer Mr. Manish Bhut without considering our complaint and our oppose.
- After that we had cotacted Mr Manish Bhut ( Deputy Engineer) he told that his team has installed HT line on its original old route and there is no change/shift/divert HT line in our farm.
- You were also cotacted on same day you had told that no one change/divert route in our farm and you will connect to Deputy Engineer and line men and instruct them but it was done forcefully without our consent and permission.
- Hence, you are requested to inquire site situation and remove HT pole and line (which was diverted / shifted) to our farm and installed HT line as its original route and position as it was earlier.
- We had already send you both drawing of HT line for 1) Old Original HT line route 2) new shifted/diverted line on deferred position by mail (on Deputy Engineer mail as your mail is not in working condition).
- Please you are requested to study both drawings, so you are able to understand that unlawful HT line shifted/diverted in/over our farm. Intension behind all this activity is to remove HT line and pole from our nearby farm.
- We have also doubt that there is a corruption done by your staff. Please inquire on that direction also.
- Now, Mahuva Sub Division (Rural-1 feeder) Deputy Engineer Mr. Manish Bhut and his team are trying to remove old line pole

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

position proof. At present he has been already remove all broken pole from nearby farm. Now Deputy Engineer Mr Manish Bhut State that " they had not change HT line route and pole position, and installed HT line on original route and pole on original position."

- You are requested to inspect site and find truth.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત છે કે,</u>**

૨.૧ સવિનય સાથ આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, અરજદારશ્રી નાથાભાઈ વાલાભાઈ કોરડીયા મહુવા તાલુકા ના કુંભણ ગામના રહેવાસી છે તેમજ કુંભણ ગામે ખેતીવાડી ધરાવે છે.

૨.૨ અરજદારશ્રી નાથાભાઈ વાલાભાઈ કોરડીયા ની રજૂઆતના અનુસંધાને જણાવવાનું કે, ''તાઉતે'' વાવાઝોડામાં નુકશાન થયેલ ૧૧ કે.વી. ખુંટવડા એ.જી. ફીડર ની લાઈન ની ૧૧ કે.વી. વિજ લાઈન ના સમારકામ કરવા માટે મહુવા ગ્રામ્ય પેટા વિભાગ કચેરી–૧ ના ઈલેકટ્રીકલ આસીસ્ટન્ટ શ્રી બી.કે.તાબિયાડ નાથાભાઈ વાલાભાઈ કોરડીયાના ખેતર પર ગયેલ તે સમયે બે પોલ બાજુવાળાના ખેતરની વચ્ચે નુકશાન પામેલ હતા. જેમાં, તેઓ દ્વારા વાવેતર કરેલ હોવાથી ત્યાં પોલ ઉભા થઈ શકે તેમ ન હોવાથી, તેઓ દ્વારા પોલ ઉભા કરવાની ના પાડેલ હતી.

૨.૩ જેના અનુસંધાને નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગ–૧ દ્વારા સદર સ્થળ ની મુલાકાત લીધેલ અને સ્થળ તપાસ કરતા, મૂળ જગ્યાએ જુની લાઈન હતી તે સ્થળ પર વાવેતર હોય, અને પોલ પહોંચાડવા મુશ્કેલ હોય, અને વાવેતર હોવાથી, સદર જેની વાડીમાં પોલ ઉભા હતા તેમના દ્વારા પણ વાવેતર ને નુકશાન થતું હોય, પોલ ઉભા કરવાની મનાઈ કરેલ હતી.

૨.૪ સદર લાઈન મેઈન લાઈન હોવાથી, આગળ સાંગાણીયા ગામના મોટાભાગ ના વિજ ગ્રાહકોને વિજ પુરવઠો સદર વિજ લાઈન ના સમારકામ થયા બાદ જ મળી શકે તેમ હતો. માટે, સાંગાણીયા ગામના વિજ ગ્રાહકોને વિજ પુરવઠો બે પોલ શેઢા પર કોઈને નડતર રૂપ ન થાય તેમ ઉભા કરવાનું નકકી કરેલ.

૨.૫ સદર ૨ પોલ શેઢા પર ઉભા કરવાની બાબતે નાથાભાઈ વાલાભાઈ કોરડીયા દ્વારા વાંધો પાડેલ. સદર આગળ જતી લાઈન મેઈન હોય, પાછળ ના સાંગાણીયા ગામની મોટા ભાગની ખેતીવાડી માં ઘણા સમયથી વિજ પુરવઠો મળેલ ન હતો.

૨.૬ જેથી, સાંગાણીયા ગામના ખેડૂતો/વિજ ગ્રાહકો નાથાભાઈ વાલાભાઈ કોરડીયા ના ખેતર પર આવેલઅને તેમને સમજાવેલ. જેથી, સદર બે પોલ શેઢા નજીક અન્ય ખેડૂત ની માલીકીની જમીનમાં કોઈને નડતર રૂપ ન થાય તેવી રીતે ઉભા કરી તેમના વિજ જોડાણ ના ટ્રાન્સફોર્મર પરથી નાથાભાઈ વાલાભાઈ કોરડીયા ની જમીન માં નવો એક પણ પોલ ન આવે અને વિજ વાયર પણ જમીન થી ઉપર યોગ્ય અંતર રાખી ટેપીંગ લઈ સાંગાણીયા ગામની ખેતીવાડીમાં વિજ પુરવઠો પુનઃ શરૂ કરેલ છે.

Grievance Redressal ... P.G.V.C.L. Bhavnagar

૨.૭ વધુમાં, કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા તા.૨૦/૯/૨૦૨૧ ના રોજ સદર સ્થળ પર ની મુલાકાત લીધેલ તથા સદર મુલાકાત દરમ્યાન શ્રી નાથાભાઈ વાલાભાઈ કોરડીયા સ્થળ પર હાજર હતા.

૨.૮ સદર મુલાકાત દરમ્યાન જોવા મળેલ કે, હાલમાં પણ જુની લાઈન જે સ્થળ પર હતી તે સ્થળ/ખેતર માં પાક ઉભો છે. તેમજ લાઈન ફેરવી જે સ્થળ પર પોલ ઉભા કરવામાં આવેલ એટલે કે, નાથાભાઈ વાલાભાઈ કોરડીયા ના વિજ જોડાણ ના ટ્રાન્સફોર્મર પરથી વિજ વાયર લીધેલ અને ત્યાંથી બે વિજ પોલ ઉભા કરેલ. તે જમીન અન્ય ખેડૂત ની માલીકીની એટલે કે, અગાઉ જે ખેડૂત ની જમીનમાં વિજ પોલ ઉભા હતા તેમની જ જમીનમાં વિજ પોલ જે તે સમયે કોઈના પાક કે વાવેતર ને નુકશાન ન થાય તે રીતે ઉભા કરવામાં આવેલ હતા. સદર બન્ને પોલ અન્ય ખેડૂત ની માલીકીની જમીનમાં ઉભા થયેલ છે તેની પૃષ્ઠિ પણ નાથાભાઈ વાલાભાઈ કોરડીયા દ્વારા કરવામાં આવેલ.

૨.૯ તેમજ જૂની લાઈનમાં પણ નાથાભાઈ વાલાભાઈ કોરડીયા ના ખેતરમાં એક વિજ પોલ આવતો હતો અને હાલ પણ માત્ર એક જ પોલ તેમના ખેતરમાં ઉભો કરવામાં આવેલ છે.

૨.૧૦ વધુમાં જણાવવાનું કે, જે સ્થળ પર વિજ પોલ ઉભો કરેલ છે તે જમીન નાથાભાઈ વાલાભાઈ કોરડીયા ના જણાવ્યા મુજબ તેમની માલીકી ની છે તેમજ સદર જમીન પડતર તેમજ બિન ઉપજાઉ દેખાઈ રહી છે તથા હાલમાં પણ તેમાં કોઈ વાવેતર નથી.

૨.૧૧ આમ, વિજ પોલ ઉભા કરતી વખતે પણ કોઈ ના વાવેતરનું નુકશાન થયેલ નથી તેવું સ્થળ તપાસ દરમ્યાન પ્રસ્થાપિત થાય છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી નાથાભાઈ વાલાભાઈ કોરડીયા ગામ–કુંભણ, તા.મહુવા ના રહેવાસી છે. તેમની કુંભણ ગામની સીમ માં તેઓ ખેતીવાડી ની જમીન ધરાવે છે.

૩.૨ મે–૨૦૨૧ માં આવેલ '' તોકતે '' વાવાઝોડા પહેલા વાદીની જમીન માંથી તેમજ તેની બાજુના ખેતરમાંથી ૧૧ કે.વી.ખુંટવડા ખેતી ફીડર ની લાઈન પસાર થતી હતી. '' તોકતે '' વાવાઝોડા દરમ્યાન આ ફીડર ના પોલ તથા લાઈનને નુકશાન થયેલ અને પોલ અને લાઈન પડી ગયેલ.

૩.૩ પ્રતિવાદી ની વિજ કચેરીએ'' તોકતે '' વાવાઝોડા પછી મોટા પ્રમાણમાં નુકશાન થયેલ લાઈન ને ઉભી કરી અને વિજ પુરવઠો પૂર્વવ્રત કરવા માટે સતત કામગીરી કરતા હતા.

૩.૪ પ્રતિવાદીએ વાદી તેમજ બાજુના ખેતરમાંથી પસાર થતી લાઈન ના પોલ ઉભા કરી વિજ પુરવઠો ચાલુ કરેલ. આ કામ સમયે વાદીના બાજુવાળા ના ખેતરમાં પાક વાવેલ હોય, અને ત્યાં સુધી એપ્રોચીંગ રોડ ન મળવાથી પ્રતિવાદી એ વ્યવહારીક રીતે લાઈનમાં રૂટ માં થોડો ફેરફાર કરી અને લાઈન કામ પૂર્ણ કરી વિજ પુરવઠો પુનઃ સ્થાપેલ.

૩.૫ સદર લાઈન મેઈન લાઈન હોવાથી અને તે લાઈન આગળના બીજા ગામોને તેમજ વિજ જોડાણ ને વિજ પુરવઠો પૂરો પાડતો હોઈ, પ્રતિવાદીએ વાદીની જમીનમાંથી પસાર થતી લાઈનમાંથી પણ ફેરફાર કરી અને પુનઃ વિજ પુરવઠો જલદી ચાલુ થાય તે રીતે લાઈન ઉભી કરી અને કામ કરેલ.

૩.૬ વાવાઝોડા પહેલા વાદીના ખેતરમાંથી લાઈન પસાર થતી હતી તેમજ વાદી ના બાજુવાળા ની જગ્યામાંથી પણ લાઈન પસાર થતી હતી. લાઈન નું રીપેરીંગ કામ પૂર્ણ થયા બાદ બાજુવાળા ના ખેતરમાંથી પહેલા પસાર થતો પોલ તેમજ લાઈન કાઢી નાંખવામાં આવેલ છે. જ્યારે વાદી ના ખેતરમાંથી લાઈન પસાર થતી હતી આથી, વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે કે, બાજુના ખેતરવાળા ની જગ્યામાંથી લાઈન સંપૂર્ણપણે પ્રતિવાદીએ કાઢી નાંખેલ છે. જ્યારે, અમારા ખેતરમાં લાઈન નો રૂટ બદલાવી લાઈન યથાવત રાખેલ છે.

૩.૭ તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમ્યાન ફોરમે પ્રતિવાદી ને સ્થળ પર નું રોજકામ તેમજ JIO URJA. મેપ રજૂ કરવાનું જણાવેલ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૮ વાદીએ તેના ખેતરમાંથી વાવાઝોડા પહેલા પસાર થતી લાઈન અને ત્યારબાદ પસાર થતી લાઈન નો નકશો ફોરમને રજૂ કરેલ છે તે મુજબ પ્રતિવાદીએ પણ JIO URJA મેપ તે લાઈન નો રજૂ કરેલ છે. આમ,આ નકશા જોતા ફોરમને જણાય છે કે, વાદીના ખેતરમાંથી પહેલા પસાર થતી લાઈન અને વાવાઝોડા પછી પસાર થતી લાઈન માં કોઈ મોટો તફાવત જણાતો નથી સિવાય કે થોડા ઘણા અંશે લાઈન નો રૂટ બદલવામાં આવેલ છે તેમજ પ્રતિવાદી એ શકય હોય, ત્યાં શેઢા પર વાદીને નુકશાન ન થાય તે રીતે પોલ ઉભો કરેલ છે.

૩.૯ પ્રતિવાદીની રજૂઆત કે, સદર લાઈન મેઈન હોવાથી વિજ પુરવઠો પુનઃ સ્થાપવાનું જરૂરી જણાતા તેઓએ લાઈન ના રૂટ માં થોડો ફેરફાર કરી વિજ ગ્રાહકોના હિતમાં કામ કરેલ તેમજ પ્રતિવાદી એ ઉભી કરેલ લાઈન ખેતીવાડી વિજ જમીનમાં ઉભી કરેલ હોય, વાદીની ફરીયાદ અયોગ્ય છે.

૩.૯૧ ઉપર મુજબ ના અવલોકન પરથી તારણ કાઢવામાં આવે છે કે, પ્રતિવાદીએ ઉભી કરેલ લાઈન થી વાદીને કોઈ નુકશાન થાય તેવું જણાતું નથી. તેથી, પ્રતિવાદીએ કરેલ કાર્યવાહી યોગ્ય અને ગ્રાહકો ના હિતમાં કરેલ હોઈ, વાદીની ફરીયાદ ગ્રાહય રાખવામાં આવતી નથી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૯૧ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૨/૧૨/૨૦૨૧.